# ઈરાને ઈઝરાયેલ પર મિસાઈલ હુમલો કરતા ક્રુડ અને સોનાના ભાવમાં ઉછાળો

**અમેરિકી** શેર બજારમાં કડાકો, સોનું વધીને 2,670 ડોલર પ્રતિ ઔંસની નજીક પહોંચ્યું

નવી દિલ્હી, તા. 1: લેબનોનમાં શરૂ કરાયેલા જમીની હુમલાને પગલે ઈરાન દ્વારા ઈઝરાયેલ પર મિસાઈલ હુમલો કરાયા બાદ રોકાણકારો દ્વારા સુરક્ષિત પીછેહઠ કરતાં શેરોમાં ઘટાડો થયો જ્યારે બોન્ડ્સ અને સોનામાં વધારો થયો હતો.

અગાઉના અહેવાલમાં કે અમેરિકા હુમલા સામે ઈઝરાયેલને બચાવવા માટેની તૈયારીઓને સક્રિયપણે ટેકો આપી રહ્યું છે તેના પગલે સોનમાં વધારો થયો હતો. સોનું વધીને 2,670 ડોલર પ્રતિ ઔંસની નજીક પહોંચ્યું હતું જ્યારે ડોલર મજબૂત થયો હતો અને તેલના ભાવમાં વધારો થયો હતો.

એપલ ઈન્ક. અને નવિદિયા કોર્પ સાથે ટેક શેર એ સૌથી ખરાબ પ્રદર્શન કરનાર હતા. તેમાં 3 ટકાથી વધુનો ઘટાડો થયો હતો જ્યારે નાસડેક 100 1.9 ટકા અને એસ એન્ડ પી-500 1 ટકા ઘટ્યો હતો.

આર્થિક ડેટાએ મિશ્ર સંકેતો મોકલ્યા. યુએસ આઈએસએમ પ્રાઈસ ઈન્ડેક્સ મે 2023થી સૌથી વધુ ઘટ્યો હતો, જ્યારે યુએસ જોબ ઓપનિંગ્સ ઓગસ્ટમાં વધીને ત્રણ મહિનાની ઊંચી સપાટીએ પહોંચી હતી, અન્ય આંકડાઓથી અલગ છે જે કામદારોની ઓછી માગ દર્શાવે છે. ટ્રેઝરી યીલ્ડ સમગ્ર બોર્ડમાં નીચી હતી અને 10 વર્ષ 3.71 ટકાની આસપાસ હતી.

## દિલ્હી ડાયરી

### વર્તમાન સરકાર સંસદીય કાર્યવાહી વિશે બહુ ગંભીર નથી

સંસદના બજેટ સત્રની શરૂઆત પહેલા યોજાયેલી સર્વપક્ષીય બેઠકમાં કેટલાક વિપક્ષી નેતાઓએ સંસદની બેઠકોની ઘટતી સંખ્યાનો મુદ્દો ઉઠાવ્યો હતો. સીપીએમના રાજ્યસભાના સાંસદ જહોન બ્રિટાસે હકીકતમાં દાવો કર્યો હતો કે, ગૃહ સત્રો માટે કેલેન્ડર તૈયાર કરવામાં એક ચાલાક કાવતરું અપનાવવામાં આવી રહ્યું છે, જેના પરિણામે બેઠકોની સંખ્યા ઓછી થઈ રહી છે. સર્વપક્ષીય બેઠક પછી બીજા દિવસે એટલે કે, 22 જુલાઈએ ચોમાસું/બજેટ સત્ર શરૂ થવાનું હતું અને સોમવારે (12 ઓગસ્ટે) સમાપ્ત થવાનું હતું તે તરફ ધ્યાન દોરતાં બ્રિટાસે દલીલ કરી કે, સાંસદો પર શુક્રવાર (9 ઓગસ્ટ)ના રોજ સત્ર સમાપ્ત કરવાનું દબાણ હશે. જેથી તેઓ અઠવાડિયાના પ્રથમ દિવસે એટલે કે આ સત્રના એકમાત્ર બાકી રહેલા દિવસે રાષ્ટ્રીય રાજધાનીની મુસાફરી ટાળી શકે. સાંસદે કહ્યું કે આ ટ્રેન્ડ 17મી લોકસભાના કેટલાક સત્રો દરમિયાન પણ જોવા મળ્યો હતો. બ્રિટાસની ચિંતા સાચી છે. એવું લાગે છે કે વર્તમાન સરકાર સંસદના સત્રો વિશે કેટલાક અલગ વિચારો ધરાવે છે અને સંસદીય કાર્યવાહી વિશે બહુ ગંભીરતા દાખવી નથી. તે વડા પ્રધાન નરેન્દ્ર મોદી આગળથી નેતૃત્વ કરી શકે છે.

### કોંગ્રેસના નેતા સંસદની કાર્યવાહીની પવિત્રતાનું સન્માન કરતા નથી

જનતા દળ (યુ)ના કાર્યકારી પ્રમુખ સંજય કુમાર ઝાએ તાજેતરમાં સંસદના બજેટ સત્ર પહેલા યોજાયેલી સર્વપક્ષીય બેઠકમાંથી એક્સ પર લાઇવ અપડેટ્સ પોસ્ટ કરવા બદલ કોંગ્રેસના નેતાની ટીકા કરી હતી. ઝાએ કહ્યું કે તેઓ ઇચ્છે છે કે કોંગ્રેસના વરિષ્ઠ નેતા સંસદની કાર્યવાહીની પવિત્રતાનું સન્માન કરે. જોકે, તેમણે નેતાનું નામ લીધું ન હતું, પરંતુ કોંગ્રેસના સાંસદ અને એઆઈસીસીની મીડિયા અને કોમ્યુનિકેશન પાંખના પ્રભારી જનરલ સેક્રેટરી જયરામ રમેશની તે જ દિવસે સવારે 11.51 વાગ્યે એક્સ પરની પોસ્ટે મીટિંગ દરમિયાન ઉઠાવવામાં આવેલા કેટલાક મુદ્દાઓને પ્રકાશિત કર્યા હતા. પોસ્ટમાં લખ્યું હતું, જેડી(યુ)ના નેતાએ બેઠકમાં બિહારને વિશેષ શ્રેણીનો દરજ્જો આપવાની માંગ કરી હતી. વાયએસઆર કોંગ્રેસના નેતાએ આંધ્ર પ્રદેશને વિશેષ શ્રેણીના દરજ્જાની માંગ કરી હતી. આશ્ચર્યજનક રીતે, તેલુગુ દેશમ પાર્ટીના નેતાએ આ બાબતે મૌન સેવ્યું.'' બાદમાં ઝાની પોસ્ટને ટાંકીને સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે, ''આ દુર્ભાગ્યપૂર્ણ છે... દરેક વ્યક્તિએ સંસદીય પરંપરાઓની પવિત્રતા, ઔચિત્ય અને પ્રોટોકોલ જાળવવું જોઈએ.'' ઝાની પોસ્ટ પર કટાક્ષ કરતાં કોંગ્રેસના નેતા પવન ખેરાએ કહ્યું કે, ''સર્વ-પક્ષીય બેઠક અને સંસદીય કાર્યવાહીમાં તફાવત હોય છે.'' આ બાબતની હકીકત એ છે કે, સત્ર તોફાની બની રહેશે, સર્વપક્ષીય બેઠકમાં બનેલી ઘટનાઓ અને ત્યાર બાદ શાસક અને વિપક્ષની છાવણીઓ વચ્ચે થયેલી તકરારે વાસ્તવમાં તેના માટે માહોલ તૈયાર કરી દીધો હતો.

## આગળ આવનારો સમય કપરો હોઈ શકે છે: જિનપીંગે ચીનના નેશનલ ડે પર લોકોને ચેતવણી આપી

**ચીનની** સૈન્ય શક્તિ દર્શાવતો કોઇ ઉત્સવ કે ભવ્ય સૈન્ય પરેડ યોજાઇ ન હતી

બીજિંગ, તા. 1 (પીટીઆઈ): ચીને મંગળવારે તેનો 75મો રાષ્ટ્રીય દિવસ ઉજવ્યો, જ્યારે પ્રમુખ શી જિનપિંગે કડક ચેતવણી આપી હતી કે સામ્યવાદી દેશ માટે આગળનો માર્ગ સરળ રહેશે નહીં કારણ કે તે આર્થિક સમસ્યાઓથી દબાયેલો છે તેની ઉપર અમેરિકા સાથે તીવ્ર દુશ્મનાવટ અને ભારત સહિત પડોશીઓ સાથે તણાવ વધ્યો છે.

મંગળવારે બીજિંગમાં વિશાળ તિયાનમેન સ્ક્વેર ખાતે રાષ્ટ્રીય દિવસની ઉજવણી કરવા માટે મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા જ્યાં ધ્વજ ફરકાવવાનો કાર્યક્રમ યોજાયો હતો જ્યારે દેશમાં એક અઠવાડિયાની લાંબી રજાઓ પડી છે.

આ સિવાય, રાષ્ટ્રીય દિવસની 60મી અને 70મી વર્ષગાંઠમાં ચીનની સૈન્ય શક્તિ દર્શાવતો કોઈ ઉત્સવ કે ભવ્ય સૈન્ય પરેડ ન હતી, પણ શી જિનપીંગ દ્વારા લોકોને મુશ્કેલ સમય માટે તૈયાર રહેવાનું કહેવામાં આવ્યું હતું.

'આગળનો રસ્તો સરળ અને સપાટ રહેશે નહીં, મુશ્કેલીઓ અને અવરોધો હશે. આપણને ભારે પવન અને અશાંત દરિયા અસલમાં તોફાની દરિયાનો પણ સામનો કરવો પડી શકે છે', એમ જિનપીંગે વર્ષગાંઠની પૂર્વસંધ્યાએ એક ભોજન સમારંભમાં કહ્યું

## પર્યાવરણવાદી ચળવળકાર સોનમ વાંગચુક અને ટેકેદારો અનશન પર

**દિલ્હી** ચલો પદયાત્રા લઇને દિલ્હી આવી પહોંચ્યા ત્યારે અટકાયત કરવામાં આવી

**લદાખને** રાજ્યના દરજ્જા સહિત વિવિધ માગણીઓ સાથે એક મહિના પહેલા પદયાત્રા કાઢી હતી

નવી દિલ્હી, તા. ૧(પીટીઆઇ): હવામાન ચળવળકાર સોનમ વાંગચુક અને બીજા ઘણા લડાખીઓએ આજે રાષ્ટ્રીય રાજધાની તરફની કૂચ દરમ્યાન અટકાયતમાં લેવામાં આવ્યા બાદ અચોક્કસ મુદતના ઉપવાસ શરૂ કર્યા હતા જ્યારે વિપક્ષી નેતાઓએ દિલ્હી પોલીસના આ પગલાને અસ્વીકાર્ય ગણીને વખોડી નાખ્યું હતું અને વડાપ્રધાન મોદીને લોકોનો અવાજ સાંભળવા કહ્યું હતું.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા પ્રમાણે વાંગચુકની સાથે લડાખથી આવેલા ૧૫૦ લોકોને દિલ્હીની બહારના વિસ્તારોમાં આવેલા ચાર પોલીસ સ્ટેશનોમાં કસ્ટડીમાં રાખવામાં આવ્યા છે. વિરોધકર્તા જૂથના એક પ્રતિનિધિએ કહ્યું હતું કે જેમને અટકાયતમાં રાખવામાં આવ્યા છે તેઓ પોલીસ સ્ટેશનોમાં અચોક્કસ મુદતના ઉપવાસ પર ઉતર્યા છે. વાંગચુક અને તેમની સાથેના લોકોને સોમવારે રાત્રે દિલ્હીની સિંઘુ બોર્ડર પર અટકાયતમાં લેવામાં આવ્યા છે. તેઓ જ્યારે પોતાની માગણીઓ માટે દબાણ કરવા માટે રાષ્ટ્રીય રાજધાનીમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે પ્રતિબંધક આદેશોનો ભંગ કરવા બદલ તેમની અટકાયત કરવામાં આવી હતી. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું વાંગચુક અને તેમના સાથીદારો લડાખને રાજ્યનો દરજ્જો આપવા સહિતની માગણીઓ સાથે ચાર વર્ષથી આંદોલન ચલાવી રહ્યા છે. તેઓ એક મહિના પહેલાથી શરૂ થયેલ દિલ્હી ચલો પદયાત્રામાં દિલ્હી આવી પહોંચ્યા ત્યારે તેમની અટકાયત કરવામાં આવી હતી. વિપક્ષી નેતાઓ અને સામાજીક ચળવળકારોએ તેમની અટકાયને વખોડી કાઢી છે.




» પ્રસ્તુત તસવીર કોલમ્બિયાના બોગોટાની છે જ્યાં ઘરમાં બનાવવામાં આવેલા વાહનોની રેસ યોજાઇ હતી. સહભાગીઓ ગુરુત્વાકર્ષણ-સંચાલિત વાહનોની રેસ પૂર્ણ કરતા નજરે પડે છે.

## તા. ૦૧-૧૦-૨૦૨૪નું સુરત શહેરનું હવામાન

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 0.0 મીમી | મોસમનો ૫૮૭૨ મીમી |
| ઉકાઇ | સપાટી આજની ૩૪૫ ફૂટ | આઉટફ્લો ૫૮૭૨ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૪.૦ સે. | ૨૭.૦ સે. | ૭૯% |

## વારાણસીના ઘણા મંદિરોમાંથી સનાતન રક્ષક દળે સાઇ બાબાની મૂર્તિઓ દૂર કરી

**વારાણસીના** અનેક ધર્મગુરુઓએ કહ્યું કે શાસ્ત્રોમાં સાઇ બાબાની પૂજાનો ક્યાંયે ઉલ્લેખ નથી

**શિરડીનું** સાઇ સનાતન ટ્રસ્ટ કહે છે કે સાઇ બાબા સાક્ષાત ભગવાન છે



વારાણસી, તા. ૧(પીટીઆઇ): સનાતન રક્ષક દળ નામે ઓળખાતા એક જૂથે હાથ ધરેલા અભિયાનને પગલે વારાણસીના ઘણા મંદિરોમાંથી આજે સાઇબાબાની મૂર્તિઓ દૂર કરવામાં આવી હતી.

એક જૂથે અહીંના બડા ગણેશ મંદિરમાંથફી સાઇ બાબાની મૂર્તિ દૂર કરી હતી અને તેને મંદિરની બહાર મૂકી દીધી હતી. આ મંદિરના મુખ્ય પૂજારી રમ્મી ગુરુએ કહ્યું હતું કે સાઇ બાબાની પૂજા યોગ્ય જ્ઞાન વિના કરવામાં આવી રહી હતી, જેની શાસ્ત્રોમાં મનાઇ છે. આ જ રીતે અન્નપૂર્ણા મંદિરના મુખ્ય પૂજારી શંકર પુરીએ કહ્યું હતું કે શાસ્ત્રોમાં સાઇ બાબાની પૂજા કરવાનો ક્યાંયે ઉલ્લેખ નથી. દરમ્યાન, અયોધ્યાના હનુમાનગઢી મંદિરના મુખ્ય પૂજારી રાજુ દાસે પીટીઆઇને જણાવ્યું હતું કે સાઇ એક ધર્મ ગુરુ હોઇ શકે છે, મહાપુરુષ હોઇ શકે છે, પીર કે ઓલિયા હોઇ શકે છે પણ તે ભગવાન હોઇ શકે નહીં. હું વારાણસીના તે લોકોનો આભારી છું કે જેમણે સાઇ બાબાની મૂર્તિ દૂર કરી. હું દેશના તમામ સનાતનીઓને ચાંદ પીર (સાઇ બાબા)ની મૂર્તિઓ મંદિરોમાંથી દૂર કરવા વિનંતી કરું છું. સનતાત રક્ષક દળના અજય શર્માએ કહ્યું હતું કે સર્વોચ્ચ દેવતા ભગવાન શિવની જ પૂજા કાશી(વારાણસી)માં થશે. શ્રદ્ધાળુઓની લાગણીઓને માન આપીને સાઇબાબાની મૂર્તીઓ દસ મંદિરોમાંથી દૂર કરવામાં આવી છે. આગામી દિવસોમાં, અગત્સકુંડા અને ભુતેશ્વર મંદિરોમાંથી પણ આ મૂર્તિઓ દૂર કરવામાં આવશે એમ તેમણે કહ્યું હતું.

આ ઘટનાક્રમ અંગે પ્રતિક્રિયા આપતા યુપી કોંગ્રેસના પ્રવક્તા મનીશ હિંદવીએ કહ્યું હતું કે ભાજપ અને તેને ટેકો આપનારાઓ હવે ધર્મને કુસ્તીનો અખાડો બનાવી રહ્યા છે. બીજી બાજુ, શિરડીના સાઇબાબા સનાતન ટ્રસ્ટ દ્વારા તેની વેબસાઇટ પર કહેવામાં આવ્યું છે કે સાઇ બાબા એ ભારતમાં સર્વોચ્ચ સંતોમાંના એક તરીકે ગણના પામે છે, જેઓ અભૂતપૂર્વ શક્તિઓ ધરાવે છે.

## મિલકતોનું ડિમોલીશન: ભારતભર માટે સુપ્રીમ કોર્ટ ગાઈડ લાઈન બહાર પાડશે

**રસ્તા** વચ્ચે આવેલા ધાર્મિક સ્થળો દૂર થવા જ જોઇએ, પછી તે કોઇ પણ ધર્મના હોય

**સુપ્રીમ** કોર્ટની પરવાનગી વિના મિલકતોનું ડિમોલીશન નહીં કરવાનો આદેશ ચુકાદો આવતા સુધી અમલમાં જ રહેશે



નવી દિલ્હી, તા. ૧(પીટીઆઇ): સુપ્રીમ કોર્ટે આજે જણાવ્યું હતું કે તે મિલકતોના ડિમોલીશન માટે ભારતભરમાં લાગુ પડે તેવી માર્ગદર્શિકા બહાર પાડશે અને રસ્તાની વચ્ચે આવેલા કોઇ પણ ધાર્મિક માળખા - પછી તે દરગાહ હોય કે મંદિર હોય તે દૂર થવા જ જોઈએ કારણ કે જાહેર હિત એ સર્વોચ્ચ છે.

કોઇ વ્યક્તિ ફક્ત આરોપી છે તેટલા માત્રથી, કે દોષિત ઠરી હોય તો પણ તે બાબત મિલકતનો ધ્વંસ કરવા માટેની ભૂમિકા બની શકે નહીં એવું નિરિક્ષણ કરતા સુપ્રીમ કોર્ટે તે સંખ્યાબંધ અરજીઓ પરનો પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો જેમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે ગુનાઓના આરોપીઓ સહિતના લોકોની મિલકતોનું ઘણા રાજ્યોમાં ડિમોલીશન કરવામાં આવી રહ્યું છે. જસ્ટિસ બી.આર. ગવઇ અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથનની એક બેન્ચે જણાવ્યું હતું કે કોઇ પણ વ્યક્તિ, ભલે તે ગમે તે ધર્મની હોય તેના દ્વારા કરવામાં આવેલ બિનઅધિકૃત બાંધકામ દૂર થવું જ જોઈએ.

બેન્ચે તેના ૧૭ સપ્ટેમ્બરના ઓર્ડરમાં જણાવ્યું હતું કે કોઇ પણ મિલકતનું ડિમોલીશન પહેલી ઓકટોબર સુધી તેની પરવાનગી વિના થવું જોઈએ નહીં, આ આદેશ તે હવે આ બાબતમાં પોતાનો ચુકાદો આપી દે ત્યાં સુધી ચાલુ રહેશે. બેન્ચે એ પણ નિરિક્ષણ કર્યું હતું કે કોઇ એક ચોક્કસ ધર્મ માટે જુદો કાયદો હોઇ શકે નહીં. બેન્ચે સૂચન કર્યું હતું કે ડિમોલીશનના ઓર્ડર અને તેના અમલીકરણ વચ્ચે ૧૫ દિવસનો ગાળો હોવો જોઈએ જેથી લોકો વૈકલ્પિક વ્યવસ્થા કરી શકે. મહિલાઓ અને બાળકો રસ્તા પર આવી ગયા હોય તે જોવાનું કોઇ સુખદ દ્રશ્ય નથી એમ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું.

## પૂર્વી લડાખ મડાગાંઠ પર આર્મી ચીફે કહ્યું: સ્થિતિ સ્થિર છે પણ સામાન્ય નથી

**સ્થિતિ** પુન:સ્થાપિત ન થાય ત્યાં સુધી પરિસ્થિતિ સંવેદનશીલ રહેશે: આર્મી ચીફ

નવી દિલ્હી, તા. 1 (પીટીઆઈ): પૂર્વી લડાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખાની (એલએસી) સાથેની સ્થિતિ સ્થિર છે પરંતુ સામાન્ય નથી અને સંવેદનશીલ રહે છે, આ ક્ષેત્રમાં ભારતીય અને ચીની સૈન્ય વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલી મડાગાંઠ વચ્ચે મંગળવારે આર્મી સ્ટાફના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ જણાવ્યું હતું.

બંને પક્ષો વચ્ચેની રાજદ્વારી વાટાઘાટોમાંથી 'સકારાત્મક સંકેત' મળી રહ્યો હોવા છતાં, કોઈપણ યોજનાનો અમલ જમીન પરના લશ્કરી કમાન્ડરો પર આધાર રાખે છે, એમ તેમણે કહ્યું હતું.

સમગ્ર ઘટનાક્રમમાં 'વિશ્વાસ'ને સૌથી મોટું નુકસાન થયું છે, એમ ચાણક્ય ડિફેન્સ ડાયલોગની શરૂઆત કરતા એક કાર્યક્રમમાં જનરલ દ્વિવેદીએ કહ્યું હતું.

'પરિસ્થિતિ સ્થિર છે, પરંતુ તે સામાન્ય નથી અને તે સંવેદનશીલ છે. જો એવું હોય તો આપણે શું ઈચ્છીએ છીએ. આપણે ઈચ્છીએ છીએ કે એપ્રિલ 2020 પહેલા જે પરિસ્થિતિ હતી તે પુન:સ્થાપિત થવી જોઈએ', એમ તેમણે ઉમેર્યું.

બંને પક્ષો વચ્ચે સૈન્ય સંઘર્ષ 2020ના મે મહિનાની શરૂઆતમાં શરૂ થયો હતો.

સરહદ વિવાદનું સંપૂર્ણ સમાધાન હજી સુધી થયું નથી, જો કે બંને પક્ષોએ ઘર્ષણના સંખ્યાબંધ સ્થળેથી સૈનિકો પાછા ખેંચ્યા છે.

આર્મી ચીફે કહ્યું, 'જ્યાં સુધી સ્થિતિ પુન:સ્થાપિત ન થાય ત્યાં સુધી, પરિસ્થિતિ સંવેદનશીલ રહેશે અને અમે કોઈ પણ પ્રકારની આકસ્મિક પરિસ્થિતિનો સામનો કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છીએ.'

તેમણે જમીન પર સૈનિકો, એલએસી સાથે બફર ઝોન અને યોજના મુજબ સૈનિકો દ્વારા પેટ્રોલિંગ ફરી શરૂ કરવા જેવા કેટલાક પડતર મુદ્દાઓ પણ જણાવ્યા હતા.

## સદગુરુના ઈશા ફાઉન્ડેશનમાં પોલીસે શોધ તપાસ હાથ ધરી

**ફરિયાદીએ** આરોપ લગાવ્યો હતો કે તેમની બે પુત્રીઓને ફાઉન્ડેશનમાં કેદ રાખવામાં આવી છે

નવી દિલ્હી, તા. 1: કોઈમ્બતુરના અધિક પોલીસ અધિક્ષક રેન્કના અધિકારીની આગેવાની હેઠળ 150 પોલીસ અધિકારીઓની બટાલિયને મંગળવારે થોન્ડામુ'થુરમાં ઈશા ફાઉન્ડેશનના આશ્રમમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું, મદ્રાસ હાઈકોર્ટે ફાઉન્ડેશન સામે નોંધાયેલા તમામ ફોજદારી કેસોનો અહેવાલ માંગ્યાના એક દિવસ પછી આ સર્ચ ઓપરનેશન શરૂ થયું હતું. સર્ચ ઓપરેશનમાં ત્રણ ડીએસપી પણ સામેલ છે.

ઘટનાક્રમ પર પ્રતિક્રિયા આપા ઈશા યોગ કેન્દ્રે કહ્યું કે જે થઈ રહ્યું છે તે માત્ર એક તપાસ હતી. 'કોર્ટના આદેશ મુજબ, એસપી સહિત પોલીસ સામાન્ય પૂછપરછ માટે ઈશા યોગ કેન્દ્રમાં આવી છે. તેઓ રહેવાસીઓ અને સ્વયંસેવકો સાથે પૂછપરછ કરી રહ્યા છે, જીવનશૈલીને સમજી રહ્યા છે, તેઓ કેવી રીતે આવે છે અને કેવી રીતે રહે છે. નિવૃત્ત પ્રોફેસર ડો. એસ કામરાજ દ્વારા દાખલ કરવામાં આવેલી હેબિયસ કોર્પસ અરજીની સુનાવણી કરતી વખતે કોર્ટે કોઈમ્બતુર ગ્રામીણ પોલીસને તપાસ હાથ ધરવા અને રિપોર્ટ દાખલ કરવાનો આદેશ આપ્યો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેમની બે પુત્રીઓ ગીથા કામરાજ (42) અને લતા કામરાજ (39) કોઈમ્બતુરમાં ફાઉન્ડેશનમાં કેદમાં રાખવામાં આવી હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે સંસ્થા વ્યક્તિઓનું બ્રેઈનવોશ કરી રહી છે, તેમને સાધુ બનાવી રહી છે અને તેમના પરિવારો સાથે તેમના સંપર્કને પ્રતિબંધિત કરી રહી છે.

## બંગાળના જૂનિયર ડોક્ટરો ફરીથી સંપૂર્ણ હડતાળ પર ઉતર્યા

**જૂનિયર** ડોક્ટરોએ આજે મધ્ય કોલકાતામાં કૂચનું આહ્વાન કર્યું

**ડોક્ટરો** હોસ્પિટલોમાં સુરક્ષા વધારવા સહિતની અન્ય માગો પર રાજ્ય સરકારના વલણથી નિરાશ

કોલકાતા, તા. 1 (પીટીઆઈ): સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું હતું કે ડોકટરોએ ઈન-પેશન્ટ અને આઉટ-પેશન્ટ ડિપાર્ટમેન્ટમાં ફરજો સહિત આવશ્યક કામ કરવા જોઈએ, તેના એક દિવસ બાદ પશ્ચિમ બંગાળમાં આંદોલનકારી જુનિયર ડોકટરોએ મંગળવારે 'સંપૂર્ણ કામ બંધ' આંદોલન ફરી શરૂ કર્યું હતું તેઓ હોસ્પિટલોમાં સુરક્ષા વધારવાની જરૂરિયાત સહિત વિવિધ મુદ્દાઓ પર રાજ્ય સરકાર ધ્યાન આપે એવી માગ કરી રહ્યા છે.

તબીબોએ લગભગ આખી રાત ગવર્નિંગ બોડીની બેઠક યોજી હતી ત્યારબાદ મંગળવારે સવારથી અનિશ્ચિત અને સંપૂર્ણ 'કાર્ય બંધ' કરવાના તેમના નિર્ણયની ઘોષણા કરી હતી.

42 દિવસના વિરોધ પ્રદર્શન બાદ 21 સપ્ટેમ્બરના રોજ ડોકટરો સરકારી હોસ્પિટલોમાં આંશિક રીતે તેમની ફરજો પર પાછા ફર્યા હતા.

તેઓ 9 ઓગસ્ટના રોજ આર જી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ફરજ પરની મહિલા ડોક્ટર પર બળાત્કાર અને હત્યાના વિરોધમાં સંપૂર્ણ 'કામ બંધ' આંદોલન પર હતા.

## છત્તીસગઢના એક ગામમાં રાતોરાત ખુલી ગઈ સાવ નકલી એસબીઆઈ બેંક, બેરોજગારોને નોકરી પણ આપી

રાયપુર, તા. 1: તમે ફિલ્મ 'સ્પેશિયલ 26'માં સુપરસ્ટાર અક્ષય કુમારને નકલી સીબીઆઇ ટીમ બનાવીને લૂંટતા જોયો હશે. આવું જ કંઈ થયું છે છત્તીસગઢમાં. રિયલ લાઇફ અને રીલ લાઇફમાં ફરક એ છે કે અહીં બદમાશોની ટીમે એક સંપૂર્ણ નકલી બેંક જ ખોલી દીધી અને તે પણ દેશની સૌથી મોટી બેંક સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની.

અહીં, કોઇ મૂવીની જેમ, ગુનેગારોએ છેતરપિંડીની વાર્તા તૈયાર કરી, પાત્રો અને સ્થળ પસંદ કર્યાં અને એસબીઆઇ શાખા ખોલી. એટલું જ નહીં, આ ગુનેગારોએ તેમની શાખાઓમાં નકલી નિમણૂકો પણ આપી અને તેમને તાલીમ પણ આપવાનું શરૂ કર્યું.

જોકે, તેઓ તેમની યોજનાને અંજામ આપે તે પહેલાં તેમના કાવતરાનો પર્દાફાશ થયો હતો. છપોરા એ છત્તીસગઢની રાજધાની રાયપુરથી લગભગ 250 કિલોમીટર દૂર, શક્તિ જિલ્લાનું એક ગામ છે.

આ ગામમાં 10 દિવસ પહેલા સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા એટલે કે એસબીઆઈની નવી શાખા ખોલવામાં આવતાં ગ્રામજનોમાં ખુશીની લહેર ફેલાઇ ગઇ હતી. ગ્રામજનો પણ બેંકમાં ખાતા ખોલવા અને વ્યવહારો કરવાની પ્રક્રિયા વિશે પૂછપરછ કરવા આવવા લાગ્યા. આ દરમિયાન લોકો નોકરીની શોધમાં પણ અહીં આવ્યા. કોઇને કોઇ શંકા ન હતી. કારણ કે, બેંકનું ફર્નિચર, દસ્તાવેજો અને કાર્યશૈલી બિલકુલ પ્રોફેશનલ બેંકો જેવી હતી. આ બેંકમાં છ લોકોને નોકરી પણ મળી છે. બધું બરાબર ચાલી રહ્યું હતું, પરંતુ 27મી સપ્ટેમ્બરે થયેલી પૂછપરછથી નોકરી શોધનારાઓને આંચકો લાગ્યો. કારણ કે, પોલીસની સાથે એસબીઆઇના ઉચ્ચ અધિકારીઓ પણ પૂછપરછ માટે આવ્યા હતા.

દરમિયાન બેંકના નકલી મેનેજર એટલે કે માસ્ટર માઇન્ડ અને અધિકારીઓ અને કર્મચારીઓ તમામ ફરાર થઇ ગયા હતા અને નકલી નોકરી મેળવનાર લોકોને પાછળ છોડીને તેમની સાથે લાખોની છેતરપિંડી કરી હતી.

## સાત વર્ષની તપાસ બાદ સીબીઆઈએ એનડીટીવી પ્રમોટર્સ છેતરપિંડી કેસમાં ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યો

**સીબીઆઈને** કાયદાકીય રીતે ટકી શકે તેવા પુરાવા મળ્યા ન હતા

નવી દિલ્હી, તા. 1 (પીટીઆઈ): સીબીઆઈએ મંગળવારે એનડીટીવીના પ્રમોટર્સ અને ડિરેક્ટર્સ પ્રણય રોય અને રાધિકા રોય સામેના કથિત છેતરપિંડીના કેસમાં એક ક્લોઝર રિપોર્ટ દાખલ કરી હતી કારણ કે તેને 2009માં એક ઋણની પતાવટમાં આઈસીઆઈસીઆઈ બેન્કને થયેલા રૂ. 48 કરોડના નુકસાનમાં તેને કાયદાકીય રીતે ટકી શકે તેવા પુરાવા મળ્યા ન હતા, એમ અધિકારીએ કહ્યું હતું.

આ કેસ 2017માં શરૂ કરાયો હતો જ્યારે સીબીઆઈએ ક્વાન્ટમ સિક્યુરીટીસ લિ.ના સંજય દત્તની ફરિયાદ પર એફઆઈઆર દાખલ કરી હતી.

સંજય દત્તે આરોપ લગાવ્યો હતો કે રોય સાથે જોડાયેલી આરઆરપીઆર હોલ્ડિંગ્સ પ્રા. લિ.એ પબ્લિક ઓપન ઓફર મારફતે એનડીટીવીમાં 20 ટકા હિસ્સો ખરીદવા ઈન્ડિયા બુલ્સ પ્રા.



લિ. પાસેથી રૂ. 500 કરોડનું ઋણ લીધું હતું.

એફઆઈઆર મુજબ આરઆરપીઆર હોલ્ડિંગ્સે સાથે જ ઈન્ડિયા બુલ્સને ઋણ ચુકવવા આઈસીઆઈસીઆઈ બેંક પાસેથી 19 ટકા વાર્ષિક વ્યાસ પર રૂ. 375 કરોડનું ઋણ લીધું હતું જેમાંથી રૂ. 350 કરોડ વિતરીત કરાયા હતા.

ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે રોયે આ લોન માટે કોલેટરલ તરીકે તેમનું સમગ્ર શેરહોલ્ડિંગ ગીરવે મૂક્યું હતું, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી), સ્ટોક એક્સચેન્જો અથવા માહિતી અને પ્રસારણ મંત્રાલયને આ ગીરવે મૂક્યાની જાણ કરવામાં આવી ન હતી.

સાત વર્ષથી વધુની તપાસ પછી, સીબીઆઈએ હવે વિશેષ અદાલતમાં ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યો છે. અદાલત નક્કી કરશે કે રિપોર્ટ સ્વીકારવો કે એજન્સીને તેની તપાસ ચાલુ રાખવાની સૂચના આપવી.